ટાઉન પ્લાનીંગ ખાતુ, ૫(અ)
સુરત મહાનગરપાલિકા,
નં. સીમીસ/ ૮/૩૨ ।
તા. ૧૧/૧૨/૨૦૦૮

પ્રતિ,
મંત્રીશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

વિષયઃ– મુસદ્દારૂપ નગર રચના યોજના નં.સુરત નં. ૬૩ (વડોદ) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ ના.સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરવા બાબત.

આ કામની વિગત નીચે મુજબ છે.

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૪૨/૨૦૦૭, તા.૦૬/૧૦/૨૦૦૭ થી સુરત મહાનગરપાલિકાના સાઉથ (ઉધના) ઝોન વિસ્તારમાં આવેલ, મોજેઃ વડોદ વિસ્તારની નગર રચના યોજના નં.: ૬૩ (વડોદ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ અને તેની પ્રસિધ્ધિ ના.સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં તા.૧૦/૧૦/૨૦૦૭ના રોજ થયેલ તેમજ સ્થાનિક દૈનિક પત્રો "લોકતેજ" અને "ગુજરાત સમાચાર" માં તા.૨૭/૧૨/૨૦૦૭ના રોજ પ્રસિધ્ધ થયેલ છે.

વધુમાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમનં.: નરયો/૧૪૨૦૦૮–૨૭૬૨/લ, સચિવાલય, ગાંધીનગર થી આવેલ તા.૨૫/૦૬/૨૦૦૮ના પત્ર મુજબ ગુજરાત નગર રચના યોજના સુરત નં.:૬૩ (વડોદ)ને અધિનિયમની કલમ ૪૨(૧)ની જોગવાઈઓ પ્રમાણે તૈયાર કરી પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા માટેની સમયમર્યાદામાં તા.૦૧/૦૭/૨૦૦૮ થી વધુ ત્રણ માસ એટલે કે તા.૦૬/૧૦/૨૦૦૮ સુધીનો સરકારે વધારો કરી આપેલ.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ–૧૯૭૬ તથા નિયમો ૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ સદરહુ નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી, યોજનાથી અસર પામતાં હિત સંબંધ ધરાવનારાઓ તરફથી વાંધા / સુચનો માંગવા સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૪૧/૨૦૦૮, તા.૨૯/૦૯/૨૦૦૮ થી મુસદ્દાને પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર બાબતે ઉકત કાયદાની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરી ના.સરકારશ્રીના રાજયપત્રમાં તા.૦૪/૧૦/૨૦૦૮ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરવામાં આવેલ અને સ્થાનિક દૈનિકપત્રો "ગુજરાતમિત્ર" તથા "રાજસ્થાન પત્રિકા"માં તા.૦૫/૧૦/૨૦૦૮ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરી, વાંધા સુચનો મંગાવવામાં આવેલ છે. જે અન્વયે

સમયમર્યાદામાં આવેલ ૪૦ (ચાલીસ) વાંધા / સુચનો આવેલ. જે વાંધા / સુચનોનો અભ્યાસ કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ મુસદ્દામાં ચાર વાંધા / સુચનોને ગ્રાહય રાખી સુધારા કરવામાં આવેલ છે.

હવે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬૩(વડોદ) ને ઉકત કાયદાની કલમ–૪૮(૧) મુજબ સમય મર્યાદામાં એટલે કે, તા.૦૪/૦૧/૨૦૦૯ સુધીમાં ના.સરકારશ્રીમાં સાદર કરવાની રહે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬૩(વડોદ) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮ (૧) હેઠળ ના.સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે, ના.સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા માટે મ્યુનિ.કમિશ્નરને અધિકૃત કરવા અંગેની આ દરખાસ્ત નગર નિયોજન સમિતિ સમક્ષ રજુ કરશો.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા